| Innovation ID | DTP0010000002691 | Sr No : 1 |
|---|---|---|

Innovation Title: ગુલાબ (Rosa indica) માં કોકડવાનું નિયંત્રણ

Category: પાક સંરક્ષણ

Notebook Number: lok (૨)૧ Jan-Feb-૧૯૯૭, Pg No. ૭

Brief: ગુલાબ(Rosa indica) માં કોકડવાનું નિયંત્રણ માટે અરીઠા (Sapindus emarginatus)ના પાણીનો ઉપયોગ.

Detail: કોકડવા રોગને લીધે ગુલાબ (Rosa indica)ના છોડના પાન કોકડાઈ જાય છે. મરચી, રીંગણ અને ટામેટામાં પણ આ પ્રકારની જીવાત દ્વારા આ કોકડવાના વાયરસ ફેલાઈ મોટા પ્રમાણમાં નુકશાન કરે છે.
રાજકોટ જિલ્લાના જેતપુર ગામના શ્રીમતી ગીતાબહેન મનમોહનભાઈ ઈન્દ્રોડીયા ગુલાબની ખેતી કરતા નથી. પરંતુ, તેમણે પોતાના બગીચામાં ગુલાબના છોડ ઉપર અરીઠા (Sapindus emarginatus) ના ફળનું દ્રાવણ છાંટીને કોકડવાનું નિયંત્રણ કરેલ છે.
ખેડૂત મહિલાના જણાવ્યા મુજબ એક લિટર પાણીમાં ૧૦૦ ગ્રામ અરીઠાના ફળ બે -ત્રણ દિવસ પલાળવામાં આવે છે. ત્યારબાદ કપડા વડે આ દ્રાવણ ગાળીને તેનો બે થી ત્રણ દિવસના અંતરે દસ દિવસ સુધી છંટકાવ કરવાથી કોકડવાનું નિયંત્રણ થાય છે. તથા પાનની ચમક વધે છે અને ગુલાબનું ઉત્પાદન સારું મળે છે.
વિશેષમાં તેઓ જણાવે છે કે, દર અઠવાડિયે મારા વાળ ધોવા માટે અરીઠા (Sapindus emarginatus) નો ઉપયોગ કરતી હતી. એક દિવસ આ અરીઠાનું પાણી ગુલાબના કોકડાઈ જતા પાન ઉપર છંટકાવ કરતાં પાનની ચમક સારી જણાઈ છેલ્લા એક વર્ષથી અમારી આસપાસની રહેવાસીઓ તેનો ઉપયોગ કરે છે. અને તેનો કોઈ ગેરફાયદો જણાયો નથી.
(ડૉ. વી એમ વાળંદના મત મુજબ ગુલાબમાં થ્રીપ્સ નામની જીવાતને લીધે કોકડવા ફેલાય છે. અરીઠા (Sapindus emarginatus) ની કડવાશને કારણે થ્રીપ્સ પાનમાંથી રસ ચૂસી શકતા નથી. તમાકુના ધરુવાડીયામાં અળસિયાંના નિયંત્રણ માટે અરીઠાના દ્રાવણની ભલામણ થયેલ છે. ઘઉંમાં ૨ ટકા અરીઠાનો ભૂકો નાખવાથી ધનેરાનું અર્થસૂચક નિયંત્રણ મળેલ છે.
ડૉ. ડી એમ કોરાંટના જણાવ્યા મુજબ અરીઠાનું પાણી છાંટતા તે પાન ઉપર એકસરખી રીતે પ્રસરે છે જેથી ચૂસિયા જીવાતો તેના મુખાંગ સહેલાઈથી પાનમાં ખોસી શકતાં નથી. પરિણામે વિષાણુનો ફેલાવો અટકી, કોકડવાનું નિયંત્રણ થાય છે.
ડૉ. એસ કે દવે જણાવે છે કે, અરીઠાના દ્રાવણના છંટકાવથી વિષાણુ ફેલાવતી જીવાતો ઉપર કાબૂ મેળવાય અને રોગ આગળ વધતો અટકે એમ બનવાની શક્યતા છે.
ડૉ. જી એમ પટેલના મત મુજબ પોચા શરીરવાળી થ્રીપ્સ જીવાત મુખાંગ વડે પાન પર લસરકાં પાડે છે. જેના નિયંત્રણ માટે અરીઠાના ઉપયોગમાં વૈજ્ઞાનિક તથ્ય છે. જો તેમાં તમાકુ લીંબોળી જેવા વનસ્પતિજન્ય પદાર્થો ઉમેરવામાં આવે તો કદાચ વધુ સારું પરિણામ મળે છે.

(આ પદ્ધતિનું પી.આઈ.સી. મહેશ કે. પરમારે ૨૪-૯-૨૦૦૪ના રોજ ભરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)
(નોંધ- આ પદ્ધતિનો ૧૯૯૭માં પ્રયોગ કરેલો. હાલ ગુલાબ ન હોવાથી તેનો ઉપયોગ કરતા નથી.)

(નોંધ:- આ પદ્ધતિનું રીચેક - જાલમસિંહ ઝાલાએ કરેલ છે.)
આ પદ્ધતિ અને ઉત્તરદાતા બન્ને સાચા છે. તથા આ પદ્ધતિની શોધ આકસ્મિક - અજાણતાં થઈ છે. ઉત્તરદાતા શ્રીમતી ગીતાબેન ઈન્દ્રોડિયા જણાવે છે કે અઠવાડિયામાં બે થી ત્રણ વખત તેઓ અરીઠાના પાણીનો ઉપયોગ કરતાં વાળ ધોતાં જે પાણી બચતું તેને ફેંકી દેતાં. એક વખત એવું બન્યું કે તેમણે ગુલાબમાં પાણી છાંટવાનું ભૂલી ગયાં જેથી તેમણે વાળ ધોતાં જે અરીઠાનું પાણી બચ્યું હતું તે ગુલાબના છોડ ઉપર રેડ્યું. રેડ્યા બાદ બે દિવસમાં આ ગુલાબના પાન ચમકાર તથા કોકડાઈ ગયા વગરના જણાયાં તેમને અચરજ લાગી અને ફરીથી આવું પાણી બનાવી ગુલાબમાં રેડતાં ગુલાબ સંપૂર્ણ સારો થયો અને એકદમ સીધાં પાન ચમકદાર હતાં અને ફુલ પણ ખૂબ મોટું થયેલું મળ્યું. આથી તેમની આસપાસમાં રહેતી બહેનોમાં પણ આ વાત ફેલાઈ અને તેનો ઉપયોગ કરવાથી આ ફાયદો થયો છે. તેમ જાણતાં થયાં.

- ગીતાબેન ઈન્દ્રોડીયાનો પ્રયોગ જોયા પછી આસપાસમાં રહેતી બહેનોએ પણ આ પ્રયોગ કર્યા છે અને સારો એવો ફાયદો થયેલ છે.
ચંદ્રિકાબેન મનસુખભાઈ આસરા
દેવયાનીબેન સનતભાઈ મહેતા
બીનાબેન અજયભાઈ બોસમીયા
જયશ્રીબેન ભરતભાઈ
મીનાબેન મહેશભાઈ દવે.

ઉપરોક્ત જણાવેલ નામની બહેનો પણ પોતાના ફૂલઝાડમાં આવા પ્રયોગ કરે છે અને સારો એવો પ્રતિસાદ મળે રાજી છે. આ પ્રયોગ સફળ છે. અને હાલમાં પણ ઉપયોગમાં લે છે.

- આ પદ્ધતિની કોઈ આડઅસર નથી. તેમજ કોઈ સાવચેતી કે મર્યાદા પણ જણાવેલ નથી.
આ પદ્ધતિનો પ્રચાર-પ્રસાર સારો થયો છે.

આ પદ્ધતિ અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થઈ નથી.
આ પદ્ધતિ ખેડૂતને લોક સરવાણીમાં છપાવવામાં રસ છે.

Method of Use

Caution

Benefit

Condition

Material Used: અરીઠા (Sapindus emarginatus) નું પાણી

IPR Status

Keywords કોકડવા, ગુલાબ, Rosa indica, અરીઠા, Sapindus emarginatus , પાણી, રાજકોટ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૫૯ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | જાલમસિંહ | Middle Name | | Last Name | ઝાલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૪૭ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | ગીતાબેન | Middle Name | મનમોહનભાઈ | Last Name | ઈન્દ્રોડિયા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | ૧૯- હિંગળાજ સોસાયટી, ઓમ નિવાસ, જૂના પાંચ પીપળા રોડ, પંચનાદ મહાદેવ મંદિર પાસે, | | | | |
| Village | મુ. જેતપુર | | | Taluka | રાજકોટ |
| District | Rajkot | State | Gujarat | Country | India |

Biography

શ્રીમતી ગીતાબેન મનમોહનભાઈ ઈન્દ્રોડિયાની ઉંમર ૪૮ વર્ષની છે. તેઓ જેતપુર તાલુકા શાળામાં શિક્ષિકાની નોકરી કરે છે. તેમના પતિ મનમોહનભાઈની ઉંમર ૫૨ વર્ષ છે. જેઓ ગ્રામ સેવકની નોકરી કરે છે. તેમને એક બાબો અને એક બેબી છે. તેમનું મૂળ ગામ રાજકોટ છે. પણ નોકરી અર્થે જેતપુરમાં રહે છે. તેમને જમીન કે પશુ નથી. આવકનું મુખ્ય સાધન નોકરી છે. તેમના પતિ પણ આવી નવીન શોધ - અખતરામાં ખૂબ રસિક છે. તેઓ પણ આવા પ્રયોગો કરવા માટે ગીતાબેનને પ્રેરણા આપતા રહે છે.

સમસ્યા - તેમને પ્રયોગો કરવા ઘણા છે પણ જમીન નથી આ બીજી બાજુ નોકરીમાં ટાઈમ આપવો પડે છે. પણ તેઓ બીજા માણસોને આવું કરવાની પ્રેરણા આપે છે.

જેતપુર શહેર તાલુકા મથક છે. જેથી તેનો વિગતથી અભ્યાસ મળેલ નથી. તમામ પ્રકારની સુવિધા છે. મજૂરથી માંડી માલિક સુધીના લોકો રહે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૪૮ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | મનમોહન | Middle Name | વી. | Last Name | ઈન્દ્રોડિયા |
| Profession | | Designation | | | |
| Address 1 | ગ્રામ સેવકશ્રી, સંકલિત ગ્રામ વિકાસ યોજના, તાલુકા પંચાયત | | | | |
| Village | મુ. જેતપુર | | | Taluka | રાજકોટ |
| District | Rajkot | State | Gujarat | Country | India |
| Biography | | | | | |